# પત્રક ભાગ-૨
# ચૌદમી ગુજરાત વિધાનસભા

**ગુરૂવાર, તારીખ: ૧૪મી, ફેબ્રુઆરી, ૨૦૧૯**

**૧૩૦. ડો. આશાબેન પટેલના અતારાંકિત પ્રશ્નો અતારાંકિત યાદીમાંથી રદ કરવા બાબત.**

૨૧–ઉંઝા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા સભ્ય ડો. આશાબેન ડી. પટેલ એ તા.૨/૨/૨૦૧૯ ના રોજ બપોર પહેલાથી વિધાનસભાના સભ્ય પદેથી રાજીનામું આપેલ છે તેથી તેઓએ રજૂ કરેલ નીચે જણાવેલા અતારાંકિત પ્રશ્નો અતારાંકિત યાદીમાંથી રદ કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | અતારાંકિત પ્રશ્ન નંબર | યાદી ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૯૪૪ | બીજી યાદી | ૫ |
| ૨ | ૩૨૬૫ | બીજી યાદી | ૧૪ |
| ૩ | ૧૪૭ | બીજી યાદી | ૨૩ |
| ૪ | ૧૪૭૬ | ત્રીજી યાદી | ૬ |
| ૫ | ૧૬૫૭ | પાંચમી યાદી | ૪ |
| ૬ | ૨૮૧૭ | સાતમી યાદી | ૧ |
| ૭ | ૩૦૫૩ | સાતમી યાદી | ૯ |
| ૮ | ૨૨૨૬ | આઠમી યાદી | ૩ |
| ૯ | ૧૨૯૬ | નવમી યાદી | ૪૭ |
| ૧૦ | ૨૮૫૨ | અગિયારમી યાદી | ૧ |
| ૧૧ | ૧૬૬ | બારમી યાદી | ૨ |
| ૧૨ | ૨૮૧૮ | બારમી યાદી | ૫ |
| ૧૩ | ૧૪૭૫ | તેરમી યાદી | ૫ |
| ૧૪ | ૩૨૬૭ | ચૌદમી યાદી | ૪૯ |
| ૧૫ | ૨૨૨૪ | સોળમી યાદી | ૩૩ |
| ૧૬ | ૨૪૨૩ | સોળમી યાદી | ૩૬ |
| ૧૭ | ૧૬૫૫ | સત્તરમી યાદી | ૨૫ |
| ૧૮ | ૨૪૨૪ | અઢારમી યાદી | ૨ |
| ૧૯ | ૩૦૫૨ | અઢારમી યાદી | ૫ |
| ૨૦ | ૨૪૨૨ | અઢારમી યાદી | ૨૧ |
| ૨૧ | ૯૨૬ | ઓગણીસમી યાદી | ૯ |
| ૨૨ | ૧૪૭૭ | ઓગણીસમી યાદી | ૧૦ |
| ૨૩ | ૨૨૨૭ | ઓગણીસમી યાદી | ૪૫ |
| ૨૪ | ૩૬૩૮ | ત્રેવીસમી યાદી | ૩ |
| ૨૫ | ૩૦૫૪ | ચોવીસમી યાદી | ૪ |
| ૨૬ | ૩૬૩૭ | ચોવીસમી યાદી | ૧૬ |

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

**આઠમી અતારાંકિત યાદી**

**સભાગૃહના મેજ ઉપર મૂક્યા**

**તારીખઃ ૨૨/૦૨/૧૯.**

# ચૌદમી ગુજરાત વિધાનસભા

# ત્રીજુ સત્ર, ૨૦૧૯

# અતારાંકિત પ્રશ્નોત્તરી

## જુનાગઢ, ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં ગાયોની ગેરકાયદેસર નિકાસ

અતારાંકિતઃ૨૨૩૧ (૧૮/૦૮/૨૦૧૮) **શ્રી જવાહરભાઇ ચાવડા** (માણાવદર) માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય સરકારે રાજ્યમાંથી ગાય, ભેંસ તથા દુધાળા પ્રાણીઓની અન્ય રાજ્યોમાં નિકાસ કરવા તા. ૨૨/૧૦/૨૦૧૩ના રોજ સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉપરોકત પ્રતિબંધ જાહેર થયાથી તા. ૩૧/૦૭/૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારની પરવાનગી વગર કેટલી ગાયની જુનાગઢ, ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાંથી રાજ્ય બહાર ગેરકાયદેસર નિકાસ કરવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રીઃ** (૧૬–૧૦–૨૦૧૮)

(૧) હા.

(૨ ) શૂન્ય, પરંતુ જુનાગઢ જિલ્લામાંથી રાજ્ય સરકારની પરવાનગી વગર કુલ ૧૬ ગાયની રાજ્ય બહાર ગેરકાયદેસર નિકાસ થતાં પહેલા પકડાયેલ છે.

--------

## અરવલ્લી જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૨૭૬ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચર સુધારણાના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા અને,

(૨) તે પૈકી ઉકત વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રીઃ** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ગૌચર સુધારણાનું કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨ ) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## મહિસાગર જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૩૮૦ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં ગૌચર સુધારણાના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) ઉકત સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ગૌચર સુધારણાના કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨ ) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## નવસારી જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૩૯૯ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં ગૌચર સુધારણાના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં નવસારી જિલ્લામાં ગૌચર સુધારણાનું કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## નર્મદા જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૪૦૫ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી પ્રેમસિંહ વસાવા (નાંદોદ) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર સુધારણાના કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર, તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં નર્મદા જિલ્લામાં ગૌચર સુધારણાનું કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## તાપી જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૪૧૦ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી પુનાભાઇ ગામિત** (વ્યારા) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર સુધારણાના કયા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર, તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં તાપી જિલ્લામાં ગૌચર સુધારણાનું કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## ડાંગ જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

અતારાંકિતઃ ૨૪૧૩ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી સુનિલભાઇ ગામિત** (નિઝર) માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર સુધારણાના કયા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર, તાલુકાવાર કેટલો ખર્ચ થયો અને તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ચુકવાઇ ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૧૬/૧૦/૨૦૧૮)

(૧) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ડાંગ જિલ્લામાં ગૌચર સુધારણાના કોઇ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજ્યનાં પવિત્ર યાત્રાધામોમાં કતલખાના / માંસ વેચાણ પર પ્રતિબંધ

અતારાંકિતઃ ૧૨૨ (૨૪/૪/૨૦૧૮) **શ્રી જવાહરભાઇ ચાવડા** (માણાવદર) માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

(૧) રાજ્યમાં આવેલ કયા કયા પવિત્ર યાત્રાધામોમાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કતલખાના અને માંસ વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે,

(૨) પ્રતિબંધ હોવા છતાં કયા ક્યા પવિત્ર યાત્રાધામોમાં ઉકત સ્થિતિએ ગેરકાનૂની કતલખાના અને માંસ વેચાણ ચાલી રહ્યા છે, અને

(૩) તેને બંધ કરવા ઉકત સ્થિતિએ શા પગલા લેવાયાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩/૧૨/૨૦૧૮)

(૧) ડાકોર, વડતાલ, સોમનાથ, દ્વારકા, બિન્દુ સરોવર–સિધ્ધપુર, પાલીતાણા, ચોટીલા.

(૨ ) ઉકત પવિત્ર યાત્રાધામોમાં કોઇ ગેરકાનૂની કતલખાના અને માંસ વેચાણની પ્રવૃત્તિ ચાલતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## મૂળી પોલીસ સ્ટેશનનાં પોલીસ અધિકારી દ્વારા ગેરકાયદે જપ્તકરેલ તલનો જથ્થો

અતારાંકિતઃ ૨૨૨૬ (૧૮/૦૮/૨૦૧૮) **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારીએ જુલાઇ–૨૦૧૮માં આશરે ૫ ટન જેટલો ખેડૂતનો તલ બિયારણનો જથ્થો ગેરકાયદે જપ્ત કરી તેને સીઝર કરવા માટે મામલતદારને મોકલી આપ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પ્રવર્તમાન કાયદા વિરૂધ્ધ તલના મોટા જથ્થાને આવા ગેરકાયદે સીઝર હુકમો કરાવનાર જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી , અને

(૩) પોલીસ તંત્ર દ્વારા આવી ગેરકાયદે થતી પ્રવૃત્તિને રોકવા અને તેનું નિયંત્રણ કરવા શી કાર્યવાહી કરાવમાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩/૧૦/૨૦૧૮)

(૧) ના જી, પોલીસ અધિકારીએ કાયદેસરની કાર્યવાહી અંતર્ગત બિયારણનો જથ્થો જપ્ત કરી મામલતદારનો મોકલી આપેલ હતો.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં ગુન્હાની એફ.આઇ.આર. સામે લેખીત અરજી માંગવા બાબત

અતારાંકિતઃ ૨૨૪૭ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગુન્હાની એફ.આઇ.આર. નોંધવાને બદલે લેખિત અરજી આપી દેવા પોલીસ કર્મચારીઓ ફરીયાદીને જણાવે છે તે ગંભીર ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ગુન્હાની એફ.આઇ.આર.ને બદલે લેખિત અરજી માંગવાના ગૃહ વિભાગના કોઇ આદેશ પોલીસ તંત્રને કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૩) જો ના, તો આવી ગેરકાનુની રીતરસમ બંધ કરવા અને ફરજીયાત એફ.આઇ.આર. નોંધવા છેલ્લાં પાંચ વર્ષમાં શા આદેશો આપવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૪/૧૨/૨૦૧૮)

(૧) આવો કોઇ બનાવ ધ્યાને આવેલ નથી.

(૨ ) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કોગ્નીઝેબલ ગુનો બનતો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઇ આવે તેવા કિસ્સાઓમાં ત્વરીત ઓફ.આઇ.આર. દાખલ કરવાની સૂચના ગૃહ વિભાગને તા. ૦૬/૦૨/૨૦૧૬ ના પરિપત્રથી અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના તા. ૧૬/૧૨/૨૦૧૩ના પત્રથી પરિપિત્રત કરવામાં આવેલ છે.

----------

## રાજ્યમાં દારૂની હેરાફેરી કરતાં પકડાયેલ વાહન

અતારાંકિતઃ ૨૨૭૧ (૨૦/૦૮/૨૦૧૮) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર દેશી વિદેશી દારુ ભરી હેરાફેરી કરતાં કેટલા વાહન પકડાયા,

(૨) ઉકત વાહનોમાંથી વર્ષવાર, જિલ્લાવાર દેશી વિદેશી દારૂનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો ?

(૩) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર કેટલા આરોપીઓની ધરપક કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૪) જિલ્લાવાર કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે, અને

(૫) આવી ગેરકાનૂની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવાયા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫/૧૨/૨૦૧૮)

(૧) પત્રક* ૧ થી ૫ મુજબ.

(૨ ) પત્રક* ૬ થી ૧૦ મુજબ.

(૩) પત્રક* ૧૧ મુજબ આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ ઇસમો વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) પત્રક* ૧૨ મુજબ.

- નશાબંધી અધિનિયમમાં સુધારો કરી કડક સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ વાહનોને રાજ્યસાત કરવામાં આવેલ છે.

- પ્રોહિબીશનની હેરાફેરીના ગુનાઓ અટકાવવા માટે હાઇવે પેટ્રોલીંગ, નાકાબંધી, નાઇટ રાઉન્ડ ફીક્સ પોઇન્ટ, કોમ્બીંગ નાઇટનું આયોજન કરવામાં આવેલ છે અને સક્રિય ગુનેગારોને ચેક કરવામાં આવેલ છે. રાજ્યના અન્ય જિલ્લાઓ સાથે સંકલન રાખી પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ગુનેગારો ઉપર વૉચ રાખી ગુનાઓ બનતા અટકાવવામાં આવેલ છે.
- પ્રોહિબીશનની હેરાફેરી અટકાવવા સારૂ જિલ્લા પોલીસ વડા તેમજ વડી કચેરી તરફથી અવાર નવાર આપવામાં આવતી સુચનાઓ મુજબ પ્રોહી. ડ્રાઇવ રાખી વધુમાં વધુ કેસો શોધી કાઢવા તમામ સ્થાનીક પોલીસ તથા કાર્યરત સેલને સુચનાઓ આપવામાં આવેલ છે.
- સ્થાનીક પોલીસ એલ.સી.બી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ હેરાફેરીના કેસો શોધવામાં આવેલ છે. પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં જરૂર જણાય પાસા તડીપાર તથા પ્રોહી. ૯૩ મુજબના અટકાયતી પગલાઓ ભરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં કાર્યરત ખીનજ લીઝ

અતારાંકિતઃ ૨૫૨ (૧૦/૦૫/૨૦૧૮) **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, કયા પ્રકારના ખીનજ કાઢવા માટેની કેટલી લીઝો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના ખનીજનો કેટલો જથ્થો કાઢવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારને રોયલ્ટી પેટે વર્ષવાર જિલ્લાવાર કેટલી આવક થઇ ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ)**

(૧) પત્રક* ૧ મુજબ.

(૨)
અને } પત્રક* ૧ મુજબ.
(૩)

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## રાજ્યમાં ઔદ્યોગિક એકમોને લીઝ

અતારાંકિતઃ ૩૪૮ (૨૮/૫/૨૦૧૮) **શ્રી સોમાભાઇ કોળીપટેલ** (લીંબડી) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, કયા ઔદ્યોગિક એકમને ક્યા પ્રકારની લીઝ આપવામાં આવેલી છે,

(૨) તે પૈકી કયા ઔદ્યોગિક એકમ દ્વારા લીઝવાર કયા પ્રકારના ખનિજનો કેટલો જથ્થો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, કાઢવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારને રોયલ્ટીની પેટે, જિલ્લાવાર, વર્ષવાર કેટલી આવક થઇ ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખીનજ)** (૨૫/૯/૨૦૧૮)

(૧) પત્રક* ૧ મુજબ.

(૨) પત્રક* ૨ મુજબ.

(૩) પત્રક* ૩ મુજબ.

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વાયબ્રન્ટ સમિટ સંબંધમાં વિદેશ ગયેલ પ્રતિનિધિઓ

અતારાંકિતઃ ૯૬૭ (૨૯/૬/૨૦૧૮) **શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, અને ૨૦૧૭ ના વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે રાજ્યના કેટલા પ્રતિનિધિઓ વિદેશમાં વિશેષ રોડ શૉ જાહેરાત/પ્રસિદ્ધિ અને વિદેશીઓને ભાગ લેવા આમંત્રણ પાઠવવા માટે વિદેશ ગયેલ,

(૨) આ પ્રતિનિધિ મંડળમાં કોણ કોણ સામેલ હતું, અને

(૩) ઉકત બાબતે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૪/૦૯/૨૦૧૮)

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૮ ની સ્થિતએ વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, અને ૨૦૧૭ ના વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે વિદેશમાં વિશેષ રોડ શૉ જાહેરાત/પ્રસિદ્ધિ અને વિદેશીઓને ભાગ લેવા અને આમંત્રણ પાઠવવા માટે વિદેશ ગયેલ રાજ્યના પ્રતિનિધિઓની યાદી પત્રક*–અ, બ, ક આ સાથે સામેલ છે.

(૨) તે ઉપરાંત ગુજરાત સરકારના વાયબ્રન્ટ સમિટ માટે કામ કરતી કચેરી અને સહભાગી સંસ્થાઓના અધિકારી અને ઔદ્યોગિકગૃહોના પ્રતિનિધિઓએ સ્વખર્ચે ભાગ લીધો હતો.

(૩) ઉકત બાબતે તા. ૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબ ખર્ચ થયેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત સમિટ – ૨૦૧૩ કુલ રૂા. ૭,૯૨,૧૮,૦૮૦.૦૦

વાયબ્રન્ટ ગુજરાત સમિટ – ૨૦૧૫ કુલ રૂા. ૯,૦૪,૨૯,૨૨૭.૦૦

વાયબ્રન્ટ ગુજરાત સમિટ – ૨૦૧૭ કુલ રૂા. ૧,૫૨,૨૯,૦૭૧.૦૦

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## ખાણ–ખનિજ પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૨૨૬૬ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રીચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૩/૨૦૧૮ની સ્થિતિએ ખાણ–ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યા ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ–ખનિજ) (૨૮/૧૧/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ ખાણ– ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

પત્રક*–અ સામેલ છે.

(૨) તે પૈકી સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ તથા ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

પત્રક*–બ સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

પત્રક*–ક સામેલ છે.

(૪) ઉકત ખાલી જગ્યાઓ ભરવા અંગેની વિગતો નીચે મુજબ છે.

- ખાણ– ખનિજ પ્રભાગ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગની છે.
- ખાણ– ખનિજ પ્રભાગની તાબાની ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૦ વર્ષીય કેલેન્ડર અંતર્ગત સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ અંગે તબક્કાવાર વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ માં જગ્યાઓ ભરવામાં આવનાર છે. ભરતીની બાબત એ સતત ચાલતી પ્રક્રીયા હોઇ સરકાર દ્વારા નક્કી કરેલ સમયપત્રક પ્રમાણે તબક્કાવાર ભરતીની કાર્યવાહી કરવામાં આવનાર છે.
- વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ તથા વર્ગ–૩ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુમાં છે. તથા બઢતીના ફાળાની જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૨૨૭૦ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યા ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૩/૧૨/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતએ ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ પત્રક*–૧ પ્રમાણે છે.

(૨) તે પૈકી ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ પત્રક*–૨ પ્રમાણે છે.

(૩) ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓની વિગતો પત્રક*–૩ પ્રમાણે છે.

(૪) ઉકત ખાલી જગ્યાઓ પૈકી વર્ગ–૧ થી વર્ગ–૩ સંવર્ગના ભરતી નિયમો અદ્યતન કરવામાં આવી રહેલ છે તથા અદ્યતન થયેલ ભરતી નિયમ મુજબ સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માંગણાપત્રક તૈયાર કરી સંબંધિત ભરતી પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવે છે. વર્ગ–૧ થી વર્ગ–૩ સંવર્ગની બઢતીથી ભરવાની થતી ખાલી જગ્યાઓ પુરક સંવર્ગમાં નિયત અનુભવ અને લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાતાકીય પસંદગી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે છે. જ્યારે વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગાર યોજનાઓ માટે અરજીઓ

અતારાંકિતઃ ૩૦૮૨ (તા. ૧૯/૧૦/૨૦૧૮) **શ્રી અલ્પેશ ઠાકોર** (રાધનપુર): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમા સ્વરોજગાર યોજનાઓ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજુર, નામંજુર કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવે છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રીઃ** (૭/૧૨/૨૦૧૮)

(૧)
(૨) યોજનાવાર, જિલ્લાવાર અને વર્ષવાર પત્રકમાં વિગતો સામેલ રાખેલ છે.
અને
(૩)

(૪) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ નાગરિક અધિકાર પત્ર અન્વયે ૪૫ દિવસમાં અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગાર યોજનાઓ માટે અરજીઓ

અતારાંકિતઃ ૩૨૨૦ (તા.૧૯/૧૦/૨૦૧૮) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગાર યોજનાઓ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજુર, નામંજુર કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવે છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ઃ** (૭/૧૨/૨૦૧૮)

(૧)

(૨) યોજનાવાર, જિલ્લાવાર અને વર્ષવાર પત્રકમાં વિગતો સામેલ રાખેલ છે.

અને

(૩)

(૪) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ નાગરિક અધિકાર પત્ર અન્વયે ૪૫ દિવસમાં અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં ઘર વિહોણા અગરિયાઓ

અતારાંકિતઃ ૩૫૦૩ (૦૩/૧૧/૨૦૧૮) **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર): માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર કેટલા અગરિયાઓ ઘર વિહોણા છે,

(૨) ઘર વિહોણા અગરિયાઓને મકાન પૂરા પાડવા સરકારે શું આયોજન કર્યુ છે, અને

(૩) ઘર વિહોણા તમામ અગરિયાઓને મકાન ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવશે?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રીઃ** (૨૮/૧૨/૨૦૧૮)

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ અગરિયાઓના કલ્યાણ અંગેની સહાય યોજનાઓ અંતર્ગત અગરિયાઓને ઘર બનાવવાની યોજનાનો સમાવેશ થતો નથી. જેની વિગતો ઉપલબ્ધ નથી.

(૨ ) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ પેટે જમા રકમ

અતારાંકિતઃ ૧૬૨૭ (૧૮/૦૭/૨૦૧૮) **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૩–૦૧–૨૦૦૫ના જાહેરનામાં મુજબ જુદી–જુદી એજન્સીઓ દ્વારા બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ વેલ્ફેર સેસ પેટે તા.૩૦–૦૬–૨૦૧૮ ની સ્થિતિએ કેટલી રકમ જમા થયેલ છે.

(૨) ઉક્ત જમા થયેલ રકમ ક્યા હેતુઓ માટે વાપરવાની હોય છે, અને

(૩) ઉક્ત જમા થયેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર કેટલી રકમ ક્યા હેતુ માટે વાપરવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ** (૭/૯/૧૮)

(૧) કૂલ ₹ ૨૦૯૭.૬૩/– કરોડ.

(૨) બાંધકામ શ્રમિકોના સામાજિક સેવા–સુરક્ષા–સલામતી અને શૈક્ષણિક તથા પેન્શન સહાય જેવાં અન્ય કલ્યાણકારી હેતુઓ માટે.

(૩) પત્રક–૧ થી ૧૯ મુજબ.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓવાર ઈન્સ્ટ્રકટરની જગ્યાઓ

અતારાંકિતઃ ૧૬૩૫ (૧૮/૦૭/૨૦૧૮) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટ્રેડવાર કેટલી ઇન્સ્ટ્રકટરની જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ક્યારથી ખાલી છે. અને તેના શા કારણો છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ** (૧૨/૯/૧૮)

(૧) ***પત્રક ૦૧ મુજબ**

(૨) જગ્યાઓ ક્યારથી ખાલી છે. ***પત્રક–૦૧ મુજબ**

તેમજ આ જગ્યાઓ વય નિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ, રાજીનામા તેમજ નવી જગ્યાઓ મંજૂર થવાથી જેવા વહીવટી કારણોસર ખાલી છે.

(૩) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ ભરવામાં આવશે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### શ્રમ અને રોજગાર વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૨૩૭૭ (૨૦–૮–૧૮) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૮ ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨ ) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** : (૮–૧૦–૧૮)

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૮ ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ ૧૨૬૯૫ છે, પત્રક–અ મુજબ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ૭૬૨૦ જગ્યાઓ ભરાયેલ છે અને ૫૦૮૭ જગ્યાઓ ખાલી છે, પત્રક–બ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષથી જગ્યાઓ ખાલી છે, અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી જગ્યાઓ ખાલી છે, અને પત્રક–ક મુજબ

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે દસ વર્ષ ભરતી કેલેન્ડર મુજબ માંગણીપત્રક સરકારશ્રીને મોકલવામાં આવેલ છે અને શક્ય તેટલી ઝડપે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે, ડ્રાઈવર, ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ,ઓફિસ આસિસ્ટન્ટ તેમજ વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે આઉટસોર્સીંગ એજન્સીઓ મારફતે મેળવવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

## રાજ્યમાં ફેમીલી કોર્ટ બનાવવા બાબત

અતારાંકિતઃ ૨૯૬૭ (૧૬/૧૦/૨૦૧૮) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) ૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં ફેમીલી કોર્ટ નથી,

(૨) ઉક્ત જિલ્લામાં ફેમીલી કોર્ટ ન હોવાના કારણો શા છે, અને

(૩) આવા બાકી રહેતા જીલ્લામાં ક્યાં સુધીમાં ફેમીલી કોર્ટ બનાવવામાં આવશે ?

**કાયદા મંત્રીશ્રી** : (૧–૧૨–૧૮)

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં છોટા ઉદેપુર, ગીર–સોમનાથ, મહીસાગર, નર્મદા, તાપી અને બોટાદ જિલ્લામાં ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ નથી.

(૨) ઉક્ત જીલ્લામાં ફેમીલી કોર્ટ માટે જરૂરી ઇંફ્રાસ્ટ્રચરની સુવિધા તથા ફેમીલી કોર્ટમાં અપૂરતા પ્રમાણમાં કેસો હોવાના કારણે ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ નથી.

(૩) બાકીના જિલ્લાઓમાં ફેમીલી કોર્ટોની સ્થાપના કરવા માટે ચોક્કસ સમયમર્યાદા હોતી નથી, જ્યારે નામ. વડી અદાલત તરફથી આ કોર્ટ કાર્યરત કરવા અંગે નિર્ણય થયેથી, અંદાજપત્રમાં નાણાકીય જોગવાઇ કર્યેથી, અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

–––––––

## રાજ્યમાં નાની સિંચાઈ અને મોટા ચેકડેમો બનાવવા બાબત

અતારાંકિતઃ ૪૩૮ (૧૫/૦૬/૨૦૧૮) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૩/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નાની સિંચાઈ અને મોટા ચેકડેમો બનાવવાની કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો જિલ્લાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી અને કેટલી દરખાસ્તો પડતર છે.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે. તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા):** (૫/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર આ સાથે સામેલ *પત્રક–૧ મુજબ, નાની સિંચાઈ બનાવવાની કુલ ૧૨ દરખાસ્તો (જેમાં સમાવિષ્ટ કુલ ૧૨ ના.સિં. યોજનાઓ) અને મોટા ચેકડેમો બનાવવાની કુલ ૬૧૭ દરખાસ્તો (જેમાં સમાવિષ્ટ કુલ ૭૮૧ ચેકડેમો) સરકારને મળેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ આ સાથે સામેલ *પત્રક–૨ મુજબ નાની સિંચાઈ બનાવવાની કુલ ૧૨ દરખાસ્તો જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ છે, કોઈ દરખાસ્ત નામંજૂર કરવામાં આવી નથી કે કોઈ દરખાસ્ત પડતર નથી.

તે જ મુજબ, આ સાથે સામેલ *પત્રક–૨ મુજબ, મોટા ચેકડેમો બનાવવાની કુલ ૫૧૯ દરખાસ્તો જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ છે, ૮ દરખાસ્તો નામંજૂર કરવામાં આવેલ છે અને ૯૦ દરખાસ્તો પડતર છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ સાથે સામેલ પત્રક–૩ (અ) મુજબ, મંજૂર કરેલ ૧૨ નાની સિંચાઈ યોજનાઓ પૈકી, ૨ યોજનાઓ પૂર્ણ થયેલ છે, ૧ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે, ૩ યોજનાઓ આલેખન તબક્કે, ૧ યોજના ડી.ટી.પી. તબક્કે, ૧ યોજના ટેન્ડર તબક્કે, ૧ યોજના પડતી મૂકેલ છે અને ૩ યોજનાઓ જમીન સંપાદન તબક્કે છે.

તે જ મુજબ, આ સાથે સામેલ પત્રક–૩(બ) મુજબ, મંજૂર કરેલ ૫૧૯ મોટા ચેકડેમોની દરખાસ્તોમાં સમાવિષ્ટ ૬૭૮ ચેકડેમો પૈકી, ૩૪૮ મોટા ચેકડેમો પૂર્ણ થયેલ છે, ૪૭ મોટા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે, ૧૬૧ કામો મોજણી/આલેખન તબક્કે, ૧૫ કામો વહીવટી મંજૂરી તબક્કે, ૨૪ કામો તાંત્રીક મંજૂરી તબક્કે, ૭ કામો ડી.ટી.પી તબક્કે, ૨૦ કામો ટેન્ડર તબક્કે, ૮ કામો વર્ક ઓર્ડર તબક્કે છે. ૪૮ મોટા ચેકડેમો પડતા મૂકેલ છે.

તેમાં દર્શાવેલ તબક્કાની કામગીરી જમીન સંપાદનની કાર્યવાહી, બજેટ જોગવાઇ અને ગ્રાંટની ઉપલબ્ધિ અનુસાર શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

## પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ તેમજ નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવા બાબત.

અતારાંકિત: ૬૪૩ (૨૨/૦૬/૨૦૧૮) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર)**:** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર કેટલા ગામોના પીવાના પાણી માટીના નવા ટ્યુબવેલ બનાવવાના તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કામો મંજૂર થયા,

(૨) મંજૂર થયેલ ઉક્ત કામો પૈકી કેટલા કામો ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર પૂર્ણ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કામો અધુરા છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:** (૨૦/૧૦/૨૦૧૮)

(૧) નવા ટ્યુબવેલની વિગતો પરિશિષ્ટ – ૧ મુજબ

અને

(૨) નવીન ઓવરહેડ ટાંકીઓની વિગતો પરિશિષ્ટ– ૨ મુજબ

(૩) નવા ટ્યુબવેલની વિગતો પરિશિષ્ટ– ૩ મુજબ

નવીન ઓવરહેડ ટાંકીઓની વિગતો પરિશિષ્ટ– ૪ મુજબ

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

## રાજ્યની મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાના જળાશયોમાં ભરાયેલ કાંપ

અતારાંકિત: ૭૬૯ (૨૨/૬/૨૦૧૮) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ): માનનીય જળસંપત્તિ (રાજ્યકક્ષા) મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય જિલ્લાવાર તા.૩૦મી એપ્રિલ ૨૦૧૮ ની સ્થિતીએ કેટલી મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાના જળાશયોમાં કાંપ ભરાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જળાશયોમાંથી કાંપ દુર કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા):** (૨૫/૦૯/૨૦૧૮)

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતીએ રાજ્યમાં જિલ્લાવાર કુલ ૩૪૯ (સામેલ પત્રક–૧ મુજબ) જળાશયોમાં કાંપ ભરાયેલ છે.

(૨) દર વર્ષે સિંચાઈ યોજનાઓમાં ભરાયેલ પાણીના જથ્થા ધ્યાને લઇ  કાંપ દુર થઇ શકે તે ભાગમાંથી કાંપ દુર કરવાનું આયોજન કરવામાં આવે છે.

(૩) જળાશયોમાં કાંપ દુર થઇ શકે તે ભાગમાં તબક્કાવાર આયોજન કરી કામગીરી કરવામાં આવનાર છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

## ગીર–સોમનાથ, જુનાગઢ અને જામનગર જિલ્લાના ડેમોમાંથી લાઇમ સ્ટોન કાઢવાની આપેલ મંજૂરી

અતારાંકિત: ૧૦૯૮ (૧૭/૦૭/૨૦૧૮) : **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ગીર–સોમનાથ, જુનાગઢ અને જામનગર જિલ્લાના ડેમોમાંથી લાઇમ સ્ટોન કાઢવાની મંજૂરી જળસંપત્તિ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યા–ક્યા ડેમમાંથી કેટલો લાઇમ સ્ટોન કાઢવા માટેની મંજુરી વિભાગ દ્વારા ક્યારે આપવામાં આવી

(૩) લાઇમ સ્ટોન કાઢવાની ઉક્ત મંજુરી આપવામાં આવી ત્યારે ડેમવાર પાણીની સપાટી કેટલી હતી અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલો લાઇમ સ્ટોન કાઢવામાં આવ્યો છે

**જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા):** (૨૯/૯/૨૦૧૮)

(૧) હા જી.

(૨)

- ગીર સોમનાથ જિલ્લાનાં હિરણ–૨ ડેમ
- ૪૦૦૦૦ મેટ્રીક ટન લાઇમ સ્ટોન
- તા.૧૧/૦૬/૨૦૧૩

(૩) પાણીની સપાટી ૫૧.૭૬ મીટર.

(૪) લાઇમ સ્ટોનનો જથ્થો કાઢવામાં આવેલ નથી.

–––––––

## પાણી પુરવઠા પ્રભાગ અને તેના તાબાની કચેરીનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૨૩૩૬ (તા.૨૦/૦૮/૨૦૧૮) **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ પાણી પુરવઠા પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ** (૨૫/૧૦/૨૦૧૮)

(૧) પાણી પુરવઠા પ્રભાગ અને તેના તાબાની કચેરીનું સંવર્ગવાર મંજુર મહેકમ, ભરાયેલ જગ્યાઓ તેમજ
(૨) ખાલી જગ્યાઓ તથા એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ અને ખાલી
(૩) જગ્યાઓ ભરવા અંગેની માહિતી આ સાથેના પરિશિષ્ટ મુજબ છે. પ્રભાગની જગ્યાઓ સરકારશ્રીના
અને સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ભરવામાં આવે છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની
(૪) ખાલી જગ્યાઓ બઢતી અને સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## અમરેલી જિલ્લામાં મહી પરિએજ યોજના

અતારાંકિત: ૨૩૫૧ (૨૦/૦૮/૨૦૧૮) : **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં મહી પરિએજ યોજના હેઠળ પીવાનું પાણી આપવા રાયડી સુધારણા અને ખાંભા ગૃપ યોજના કાર્યરત કરવામાં આવેલ છે, તે હકીકત ખરી છે કે કેમ, અને

(૨) આ યોજના મારફત કેટલા વિસ્તારને પીવાનું પાણી પુરુ પાડવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૨૦/૧૦/૨૦૧૮)

(૧) હા જી.

(૨)

- રાયડી જુથ યોજના અંતર્ગત ખાંભા તાલુકાના ૬ ગામ, જાફરાબાદ તાલુકાના ૨૧ ગામ અને રાજુલા તાલુકાના ૧ ગામ મળી ૨૮ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ખાંભા ગૃપ યોજના અંતર્ગત ખાંભા તાલુકાના કુલ ૪૯ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

-------

## કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજની કામગીરી

અતારાંકિત: ૩૧૭૯ (૦૩/૧૧/૨૦૧૮) : **શ્રી અમરિષભાઇ ડેર** (રાજુલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કલ્પસર યોજના માટે પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી. આર. ઝેડ.)ની મંજૂરી અંતિમ તબક્કામાં હતી તો તે મંજૂરી તા. ૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ ક્યારે મળી,

(૨) ઉક્ત સ્થિતિએ સી. આર. ઝેડ. ની મંજૂરી ન મળી હોય તો તેના કારણો શા છે, અને ?

(૩) ઉક્ત મંજૂરી મેળવવા સરકારે શાં પ્રયાસો કર્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) :** (૧૧/૧૨/૨૦૧૮)

(૧) ઉપરોક્ત પ્રશ્નો માન. ધારાસભ્યશ્રી અમરિષભાઇ ડેર (રાજુલા) દ્વારા તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા. ૦૧.૦૪.૨૦૧૩ના રોજ રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંકઃ ૫૩૪૭ના જવાબની વિગતો જોતા જણાય છે કે, ઉપરોક્ત ભાડભૂત બૅરેજ માટે સૂચિત પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી. આર. ઝેડ.)ની મંજૂરીના પરિપેક્ષ્યમાં પૂછવામાં આવેલ જણાય છે. સદર યોજના માટે પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી. આર. ઝેડ.)ની મંજૂરી તા. ૩૧.૦૮.૨૦૧૭ના પત્રથી સ્ટેટ એન્વાયરોમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA), ગુજરાત દ્વારા આપવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન ભાડાપેટે અને વેચાણ

અતારાંકિત: ૫૬ (૨૭/૨/૨૦૧૮) : **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ગૌચર અને ખરાબાની કેટલી જમીન શા ભાવે, કયા હેતુ માટે, ભાડાપટે(લીઝ)થી અથવા વેચાણથી કેટલાને આપવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૯/૧૦/૨૦૧૮)

સામેલ * પત્રકો ૧ થી ૪ મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## વડોદરા અને સુરત જિલ્લામાં જમીનની હરાજી

અતારાંકિત: ૨૮૦૫ (૧૪/૯/૨૦૧૮) : **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૦૭/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને સુરત જિલ્લામાં તાલુકાવાર ખરાબા, સરકારી પડતર અને ગૌચરની કેટલી જમીન કયા ભાવે, કયા હેતુ માટે હરાજી કર્યા વગર અને કેટલી જમીન હરાજીથી ફાળવવામાં આવી,

(૨) હરાજી કર્યા વગર ખરાબા, સરકારી પડતર કે ગૌચરની જમીનની ફાળવવામાં આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર સરકારને કેટલી આવક થઇ ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧/૧૨/૨૦૧૮)

(૧) * પત્રક–૧ તથા * પત્રક–૨

(૨) સરકારના ઠરાવોની જોગવાઇ મુજબ જમીન ફાળવણી કરેલ છે.

(૩)

| **જિલ્લો** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૧૬–૧૭** | **૨૦૧૭–૧૮** |
| વડોદરા | ₹ ૯૮,૧૨,૫૯૪/– | ₹ ૨,૧૯,૯૧,૪૯૭/– |
| સુરત | ₹ ૧૨,૪૨,૯૮,૨૯૯/– | ₹ ૨,૪૬,૪૧,૩૪૫ /– |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## માળીયા (મિં) તાલુકામાં વિશ્રામગૃહ કે સરકારી ગેસ્ટ હાઉસ

અતારાંકિત: ૨૩૦૯ **શ્રી બ્રીજેશ મેરજા** (મોરબી): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૦૬/૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લાનું માળીયા મિંયાણા તાલુકા મથકે વિશ્રામગૃહ કે સરકારી ગેસ્ટહાઉસથી વંચિત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વિશ્રામગૃહ/ગેસ્ટહાઉસ બનાવવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) :** (૨૯/૧૧/૨૦૧૮)

(૧) હા જી.

(૨) હાલ આયોજન નથી.

------------

## રાજ્યમાં અનુસૂચિત જાતિની કન્યાઓ માટે સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ

અતારાંકિત: ૩૧૮૬ (૨૯/૧૦/૧૮) **શ્રી પ્રવિણમારૂ** (ગઢડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૦૯/૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર, રાજ્યમાં જિલ્લાવાર અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને કેટલી આદર્શ નિવાસી શાળાઓ નવી શરૂ કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:** (૨૮/૧૨/૧૮)

(૧) ૩૨ (બત્રીસ) કન્યા સરકારી છાત્રાલય અને ૧૨ (બાર) કન્યા આદર્શ નિવાસી શાળા. જિલ્લાવાર માહિતી * પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) ૦૬ (છ) કન્યા સરકારી છાત્રાલય અને ૦૩ (ત્રણ) કન્યા આદર્શ નિવાસી શાળા. જિલ્લાાવાર માહિતી * પત્રક–૨ આ સાથે સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## રાજ્યની નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

અતારાંકિત: ૧૮૪૮ (૦૧/૦૮/૧૮) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર લાઇનની કામગીરી તા. ૩૦/૦૬/૧૮ની સ્થિતએ છેલ્લા પાંચ વર્ષમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવી તથા નગરપાલિકાવાર કેટલો ખર્ચ થયો,

(૨) કઇ કઇ નગરપાલિકામાં ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતએ પૂર્ણ થવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવનાર છે.?

**મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) :** (૨૨/૧૦/૧૮)

(૧) તા. ૩૦/૦૬/૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ ભૂગર્ભ ગટર યોજનાની માહિતી *પરિશિષ્ટ–૧ અને *પરિશિષ્ટ–૪માં આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ પૂર્ણ થવાની બાકી રહેતી નગરપાલિકાઓની માહિતી * પરિશિષ્ટ–૨માં આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન * પરિશિષ્ટ–૩માં આ સાથે સામેલ છે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## રાજ્યની નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

અતારાંકિતઃ ૧૯૬૨ (૦૧/૦૮/૨૦૧૮) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર લાઇનની કામગીરી પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવી,

(૨) કઇ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની કામગીરી ઉકત સ્થિતિએ પૂર્ણ થવાની બાકી છે,

(૩) ઉકત બાકી કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) ઉકત કામગીરી માટે નગરપાલિકાવાર કેટલો ખર્ચ થયો ?

**મુખ્યમંત્રીશ્રી :** (શહેરી વિકાસ) **:** (૨૨/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ ભૂગર્ભ ગટર યોજનાની માહિતી *પરિશિષ્ટ–૧ માં આ સાથે સામેલ છે.

(૨ ) ઉકત સ્થિતિએ પૂર્ણ થવાની બાકી રહેતી નગરપાલિકાઓની માહિતી *પરિશિષ્ટ–૨ માં આ સાથે સામેલ છે.

(૩) ઉકત સ્થિતિએ બાકી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન *પરિશિષ્ટ–૩ માં આ સાથે સામેલ છે.

(૪) ઉકત કામગીરી માટે નગરપાલિકાવાર થયેલ ખર્ચની વિગતો *પરિશિષ્ટ–૪ માં આ સાથે સામેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂર આવાસ

અતારાંકિતઃ ૨૦૩૭ (૧૮/૦૮/૨૦૧૮) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉકત મંજુર થયેલા આવાસો પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલા લાભાર્થીઓના કેટલા હપ્તાઓ ચુકવવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતીએ જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને કેટલા હપ્તાઓ ચૂકવવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી :** (શહેરી ગૃહ નિર્માણ): (૦૬/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), હેઠળ જુદા જુદા ઘટકો હેઠળ કુલ ૨,૪૨,૩૬૪ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જેની વર્ષવાર/જિલ્લાવાર વિગત આ સાથે *એનેક્ષર–૧ મુજબ છે.

(૨ ) ઉકત સ્થિતિએ મંજૂર થયેલા આવાસો પૈકી લાભાર્થી દ્વારા વ્યક્તિગત આવાસ માટે બાંધકામ (બેનીફીશીઅરી લેડ કન્સસ્ટ્ર કશન) ઘટક હેઠળ ૨૨૧૨૪ આવાસો મંજુર થયેલ છે. તેવા લાભાર્થીઓને ચુકવેલ હપ્તાની વર્ષવાર, જિલ્લાવાર વિગત આ *એનેક્ષર–૨ મુજબ છે.

(૩) ઉકત સ્થિતિએ મંજુર લાભાર્થીઓને ચુકવવાની બાકી હપ્તાની વિગત જિલ્લાવાર આ સાથે એનેક્ષર–૩ મુજબ છે.

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાને વહિવટી મંજૂરી

અતારાંકિતઃ ૨૦૮૪ (તા. ૧૮/૦૮/૨૦૧૮) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસોને વહિવટી મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી જિલ્લાવાર, કેટલા આવાસો પ્રગતિ હેઠળ છે અને કેટલા આવાસોના કામ પુર્ણ થયા,

(૩) ઉકત સ્થિતીએ જિલ્લાવાર કેટલા આવાસોનું કામ ચાલુ કરવાનું બાકી છે. તેના કારણો શા છે, અને

(૪) બાકી આવાસોનું કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી :** (શહેરી ગૃહ નિર્માણ) **:** (૦૫/૧૨/૨૦૧૮)

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના જુન–૨૦૧૫ થી અમલમાં આવેલ છે આ યોજના હેઠળ કુલ ૨,૪૨,૩૬૪ આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. તેની વિગતો *એનેક્ષર–૧ મુજબ છે.

(૨) જિલ્લાવાર પ્રગતિ હેઠળના આવાસો અને કામ પૂર્ણ થયેલ આવાસો અંગેની માહિતી આ સાથેના *એનેક્ષર–૨ માં સામેલ છે.

(૩) ઉકત સ્થિતિએ જિલ્લાવાર આવાસોનું કામ ચાલુ કરવાનું બાકી છે તેની માહિતી *એનેક્ષર–૨ માં સામેલ છે. કામ ચાલુ કરવાનું બાકી છે તેના કારણો નીચે મુજબ છે.

કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલુ કરવામાં આવેલ યોજનાઓની માર્ગદર્શિકા મુજબ, નિયમોનુસાર પ્રોજેક્ટ અમલીકરણ કરવાની પ્રક્રિયા પ્રગતિમાં હોઇ પ્રોજેકટની કામગીરી શરૂ થઇ શકેલ નથી.

(૪) મંજુર થયેલ આવાસો પૈકીનાં પ્રગતી હેઠળનાં આવાસોનું કામ તબક્કાવાર રીતે માર્ચ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, જ્યારે કામ શરૂ ન થયેલ આવાસો ડીસેમ્બર–૨૦૨૦ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનું મહેકમ

અતારાંકિતઃ ૨૩૭૨ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી :** (શહેરી વિકાસ): (૨૭/૧૨/૨૦૧૮)

(૧) સામેલ *`**પત્રક–અ**' ના કોલમ (૨) અને (૩)

(૨ ) સામેલ ***`પત્રક–અ'** ના કોલમ (૪) અને (૫) મુજબ

(૩) સામેલ ***`પત્રક–અ'** ના કોલમ (૬) અને (૭) મુજબ

(૪) સામેલ ***`પત્રક–અ'** ના કોલમ (૮) મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજયમાં આવેલ પુરાતન સ્થળોએ મંજૂર થયેલ મહેકમ

અતારાંકિતઃ ૨૧૨૧ (૦૪/૦૮/૨૦૧૮) **શ્રી ભીખાભાઇ જોષી** (જુનાગઢ): માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં કયા સ્થળો મહત્વના પુરાતન સ્થળો તરીકે રાજ્ય સરકાર હસ્તક છે,

(૨) ઉકત સ્થિતિએ દરેક પુરાતન સ્થળોએ મંજૂર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :** (૦૬/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ કુલ–૩૬૨ સ્મારકો રાજ્ય રક્ષિત જાહેર થયેલ છે. જેની વિગત દર્શાવતું *પત્રક-અ આ સાથે સામેલ રાખેલ છે.

(૨ ) ઉકત સ્થિતિએ રક્ષિત સ્મારકોએ ફકત સ્મારક ચોકીદાર સંવર્ગ–૪ કાર્યરત હોય છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સ્મારક ચોકીદારની જગ્યાઓ નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલયની વર્તુળ કચેરીઓ વાઇઝ મંજુર કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. રાજ્ય રક્ષિત સ્મારકો વાઇઝ કોઇ મહેકમ મંજૂર કરવામાં આવતું નથી. રક્ષિત સ્મારકો વાઇઝ સ્મારક ચોકીદારની ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો *પત્રક–અ મુજબ છે.

| **વર્તુળ કચેરી** | **મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સ્મારક ચોકીદાર (વર્ગ–૪)** | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|
| ઉત્તર વર્તુળ, અમદાવાદ | ૧૯ | ૦૫ | ૧૪ |
| પશ્ચિમ વર્તુળ, રાજકોટ | ૧૭ | ૦૬ | ૧૧ |
| કચ્છ વર્તુળ, ભુજ | ૦૬ | ૦૧ | ૦૫ |
| કુલ | ૪૨ | ૧૨ | ૩૦ |

(૩) વહિવટી અનુકુળતાએ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

૨૧

## જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેકશન મેળવવા માટે મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૬૪૧ (૨૯/૦૬/૨૦૧૮) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેકશન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલા વીજ કનેકશન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રહેલ વીજ કનેકશનો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૪/૧૦/૨૦૧૮)

(૧) જ્યોતિગ્રામ યોજના એ અરજીઓ મેળવીને નવીન વીજ જોડાણ આપવાની યોજના નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ગામતળની અંદર તથા નોટીફાઇડ પેટાપરાઓમાં ખેતી વિષયક વીજ જોડાણ સિવાયના રહેઠાણ, વાણિજ્યિક અને ઔદ્યોગિક હયાત તેમજ નવા વીજ જોડાણોને જ્યોતિગ્રામ ફીડર પરથી સતત ૨૪ (ચોવીસ) કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો પુરો પાડવા માટેની યોજના છે.

વધુમાં હવે, ગામતળની બહારના વિસ્તારોમાં પણ સરકારશ્રીનાં તા. ૨૪/૦૧/૨૦૧૭ ના ઠરાવની શરતોને આધિન બિનખેતી વીજ જોડાણોમાં જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

તદ અંતર્ગત તા. ૩૧/૦૩/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ મેળવવા મળેલ અરજીઓની જિલ્લાવાર વિગતો ***પત્રક-૧** મુજબ છે.

(૨ ) તે પૈકી ઉક્ત સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણની વિગતો ***પત્રક-૨** અને બાકી વીજ જોડાણની વિગતો ***પત્રક-૩** મુજબ છે.

(૩) બાકી અરજીઓ પૈકી ૧૦૪૩૩ અરજદારોને તા. ૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં અને ૩૯૫૩ અરજદારોને તા. ૩૧/૦૩/૨૦૧૮ બાદ અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે. જેમનાં તરફથી અંદાજપત્રની રકમ ભરપાઇ થયા બાદ વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્યારે ૧૧૮૪૦ નાણા ભરાયેલ પડતર અરજીઓમાંથી ૧૧૮૩૬ વીજ જોડાણો તા. ૩૧/૦૩/૨૦૧૮ બાદ અપાઇ ગયેલ છે. અને ૪ અરજીઓ કોર્ટ કેસ, જિલ્લા મેજિસ્ટ્રેટના નિર્ણયાર્થે તથા વીજ ચોરીના કેસના કારણે પડતર છે. જેનાં નિર્ણય થયેથી વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યંતિ યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિતઃ ૬૫૮ (૨૯/૦૬/૨૦૧૮) **શ્રી હિમ્મતસિંહ પટેલ** (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉકત ફાળવેલ રકમ પુરી ન વપરાઇ હોય તો તેના કારણો શા છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૪/૧૦/૨૦૧૮)

(૧) અને (૨) તા. ૩૧/૦૩/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાંટ તેમજ થયેલ ખર્ચની વિગતો ***પત્રક–અ** મુજબ છે.

(૩) માહે જાન્યુઆરી થી માર્ચ ૨૦૧૮ દરમ્યાન યોજના અન્વયે કરેલ કામોના બિલની ચુકવણી માર્ચ–૨૦૧૮ પછી થયેલ હોઇ, જે તે વર્ષે હિસાબમાં રકમ વણવપરાયેલી રહેવા પામેલ છે. તા. ૩૧/૦૮/૨૦૧૮ ની સ્થિતિએ પૂરેપૂરી રકમ વપરાઇ ગયેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## રાજ્યમાં પવનચક્કી અને સૌર ઊર્જા દ્વારા ઉત્પન્ન થયેલ વીજળી

અતારાંકિતઃ ૧૬૪૦ (૧૯/૦૭/૨૦૧૮) **શ્રી જીતુભાઇ ચૌધરી** (કપરાડા) માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા વર્ષમાં પવનચક્કી અને સૌર ઉર્જાનું કેટલું વીજ ઉત્પાદન થયું,

(૨) ઉકત સ્થિતિએ ઉત્પાદન થયેલ વીજ પૈકી પવનચક્કી અને સૌર ઉર્જાની કેટલી વીજળી શા ભાવે ખરીદી,

(૩) ઉકત વીજ ખરીદી પેટે સરકારે કેટલી રકમ કઇ કંપનીને ચુકવી ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા વર્ષમાં પવનચક્કી અને સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન નીચે મુજબ છેઃ

| વર્ષ | પવનચક્કીનું વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) | સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૯૬૩૫–૬૨ | ૨૦૪૮–૩૯ |
| ૨૦૧૮–૧૯ (તા. ૩૦–૦૬–૨૦૧૮ સુધી) | ૩૫૧૮–૨૪ | ૬૧૦–૭૦ |

(૨) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉત્પાદન થયેલ વીજ પૈકી જી.યુ.વી.એન.એલ. દ્વારા ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

પવનઉર્જા – ૬૬૩૮ મી.યુ.

સૌર ઉર્જા – ૧૬૯૪ મી.યુ.

અત્રે ઉલ્લેખનીય છે કે ખરીદવામાં આવેલ વીજળીનો ભાવ જે તે કંપનીઓ સાથે થયેલ વીજ ખરીદ કરારને આધારે હોય છે એટલે કે ખરીદ કરારમાં દર્શાવેલ કરારિત ભાવ પ્રમાણે વીજળી જે તે કંપની પાસેથી ખરીદવામાં આવે છે. ઉકત સ્થિતિએ, કંપનીઓ જેમની પાસેથી વીજળી ખરીદવામાં આવે છે અને તેના કરારિત ભાવની વિગત પરિશિષ્ટ અ અને બ મુજબ છે (પરિશિષ્ટ– *અ પવનઉર્જાની વિગત પરિશિષ્ટ–*બ સૌરઉર્જાની વિગત).

(૩) ઉકત વીજ ખરીદી પેટે જી.યુ.વી.એન.એલ. દ્વારા કંપનીઓને ચુકવવામાં આવેલ રકમની વિગત પરિશિષ્ટ–અ અને બ મુજબ છે. (પરિશિષ્ટ અ–પવનઉર્જાની વિગત, પરિશિષ્ટ બ–સૌરઉર્જાની વિગત)

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યું છે.)

--------

## રાજ્યમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ૬૬ કે.વી. સબ સ્ટેશનો સ્થાપવા બાબત

અતારાંકિતઃ ૧૭૫૫ (૨૭/૦૭/૨૦૧૮) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સાગરકિનારાના વિસ્તારોમાં નવા ૬૬ કે.વી. સબ સ્ટેશનો સ્થાપવા માટે કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કયા સ્થળે નવા ૬૬ કે.વી. સબ સ્ટેશન બાંધવામાં આવ્યા.

(૩) ઉકત સ્થિતિએ કેટલા સબ સ્ટેશનનું કામ ચાલુ કરવાનું બાકી છે અને તેનાં કારણો શા છે, અને

(૪) ઉકત સ્થિતિએ કેટલા સબ સ્ટેશનનું કામ ચાલુ છે અને તે કયાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૪/૧૦/૨૦૧૮)

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સાગરકિનારાના વિસ્તારમાં નવા ૬૬ કે.વી. સબ સ્ટેશનો સ્થાપના માટે કરવામાં આવેલ નાણાકીય જોગવાઇ નીચે મુજબ છે.

| અનુ. | નાણાકીય વર્ષ | નાનાકીય જોગવાઇ (₹ કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૮૩.૪૦ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૭૬.૦૬ |
| ૩ | ૨૦૧૫–૧૬ | ૧૨૫.૫૨ |
| ૪ | ૨૦૧૬–૧૭ | ૯૫.૬૭ |
| ૫ | ૨૦૧૭–૧૮ | ૧૧૩.૮૧ |

(૨ ) છેલ્લા પાંચ નાણાકીય વર્ષ દરમ્યાન *પત્રક–અ માં દર્શાવેલ કુલ ૭૮ સબસ્ટેશનોના કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સાગરકિનારાના વિસ્તારમાં કુલ ૧૯ નવા ૬૬ કે.વી. સબસ્ટેશનનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર સબસ્ટેશનોમાંથી ૭ સબસ્ટેશનોના સિવિલ કાર્ય પ્રગતિ હેઠળ છે અને ૨ સબસ્ટેશનોની નિવિદા પ્રગતિ હેઠળ છે. અને બાકી રહેલ ૧૦ સબ સ્ટેશનોની જમીન ફાળવણી માટે કલેકટર કચેરીને દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. જમીન ફાળવણી થયેથી સબસ્ટેશનોના બાંધકામની કાર્યવાહી બનતી ત્વરાએ હાથ ધરવામાં આવશે. સદર સબસ્ટેશનોની વિગતવાર માહિતી પત્રક–બ મુજબ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં પેટા વીજ મથકોનું બાંધકામ

અતારાંકિતઃ ૨૦૦૭ (૦૨/૦૮/૨૦૧૮) **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આદિજાતિ વિસ્તારમાં પેટા વીજ મથકોનું બાંધકામ અને વીજ પ્રવહન લાઇનો નાંખવા માટે કેટલી નાણાંકીય જોગવાઇ કરવામાં આવી.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર અને જિલ્લાવાર કયા સ્થળે પેટા વીજમથકોનું બાંધકામ કરવામાં આવ્યું અને કેટલી વીજ પ્રવહન લાઇનો નાખવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ પુરી ન વપરાઇ હોય તો તેના કારણો શા છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૪/૧૦/૨૦૧૮)

(૧)

| અનુ. | નાણાકીય વર્ષ | નાનાકીય જોગવાઇ (₹ કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૧૬૦.૦૦ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૧૬૦.૦૦ |
| ૩ | ૨૦૧૫–૧૬ | ૧૬૦.૦૦ |
| ૪ | ૨૦૧૬–૧૭ | ૧૬૦.૦૦ |
| ૫ | ૨૦૧૭–૧૮ | ૧૬૦.૦૦ |

વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં પણ ₹ ૧૬૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨ ) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સ્થાપવામાં આવેલ પેટા વીજ મથકોની જિલ્લાવાર/વર્ષવાર માહિતી *પત્રક–અ મુજબ તથા નાંખવામાં આવેલ વિજરેસાઓની જિલ્લાવાર / વર્ષવાર માહિતી *પત્રક–બ મુજબ છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૯ નવા ૬૬ કેવી સબસ્ટેશનો સ્થાપવાનું અને ૧૫૦ સર્કીટ કિલોમીટર વીજ પ્રવહન લાઇનો નાખવાનું આયોજન કરવામાં આવેલ છે. તે પૈકી ૭ સબ સ્ટેશનોની કામગીરી પ્રગતિમાં છે અને ૭૨.૯૭ સર્કીટ .મી. વીજરેસાઓ સુરત અને દાહોદ જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) રાજ્યમાં છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર આદિજાતિ વિસ્તારમાં પેટા વીજ મથકોનું બાંધકામ અને વીજ પ્રવહન લાઇનો નાખવા માટે ફાળવવામાં આવેલ રકમ પૂરી વાપરવામાં આવેલ છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં તા. ૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ ₹ ૪૦/– કરોડની ગ્રાન્ટ ફાળવેલ જે રકમ પણ પુરેપુરી ખર્ચ થઇ ગયેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## બનાસકાંઠા જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ

અતારાંકિતઃ ૨૨૫૬ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી કાંતિભાઇ ખરાડી** (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અથવા તો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા.

(૨) ઉકત સ્થિતિએ ઉકત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ અસરગ્રસ્તોને બળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨૦/૧૧/૨૦૧૮)

(૧) *પત્રક "અ" મુજબ.

(૨ ) ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓના કર્મચારી / અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઇ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે તેની વિગતો પત્રક "બ" મુજબ દર્શાવેલ છે. વીજકંપની દ્બારા અસરગ્રસ્તો/અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## મહેસાણા જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ

અતારાંકિતઃ ૨૨૬૯ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ−

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અથવા તો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા.

(૨) ઉકત સ્થિતિએ ઉકત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ અસરગ્રસ્તોને વળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧/૦૧/૨૦૧૯)

(૧) *પત્રક "અ" મુજબ.

(૨ ) ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓના જવાબદાર કર્મચારી / અધિકારીઓ સામે નિયમોનુસારની ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે તેની વિગતો પત્રક "બ" મુજબ દર્શાવેલ છે. વીજકંપની દ્બારા અસરગ્રસ્તો/અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજકોટ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ

અતારાંકિતઃ ૨૩૧૫ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અથવા તો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા.

(૨) ઉકત સ્થિતિએ ઉકત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ અસરગ્રસ્તોને વળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨૦/૧૧/૨૦૧૮)

(૧) *પત્રક “અ” મુજબ.

(૨ ) ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓના કર્મચારી / અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઇ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે તેની વિગતો પત્રક “બ” મુજબ દર્શાવેલ છે. વીજકંપની દ્વારા અસરગ્રસ્તો/અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## જુનાગઢ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ

અતારાંકિતઃ ૨૩૩૦ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી ભીખાભાઇ જોષી** (જુનાગઢ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અથવા તો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા.

(૨) ઉકત સ્થિતિએ ઉકત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ અસરગ્રસ્તોને વળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧/૧૨/૨૦૧૮)

(૧) *પત્રક "અ" મુજબ.

(૨ ) ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓના કર્મચારી / અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઇ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે તેની વિગતો પત્રક "બ" મુજબ દર્શાવેલ છે. વીજકંપની દ્વારા અસરગ્રસ્તો/અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## અમરેલી જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ

અતારાંકિતઃ ૨૩૮૧ (૨૧/૦૮/૨૦૧૮) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અથવા તો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા.

(૨) ઉકત સ્થિતિએ ઉકત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ અસરગ્રસ્તોને વળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧/૧૨/૨૦૧૮)

(૧) *પત્રક "અ" મુજબ.

(૨ ) ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓના કર્મચારી / અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઇ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે તેની વિગતો પત્રક "બ" મુજબ દર્શાવેલ છે. વીજકંપની દ્વારા અસરગ્રસ્તો/અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ | ૨૨૩૧, ૨૨૭૬, ૨૩૮૦, ૨૩૯૯, ૨૪૦૫, ૨૪૧૦, ૨૪૧૩ | ૦૭ |
| ૨ | ગૃહ વિભાગ | ૧૨૨, ૨૨૨૬, ૨૨૪૭, ૨૪૭૧ | ૦૪ |
| ૩ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૫૨, ૩૪૮, ૯૬૭, ૨૨૬૬, ૨૨૭૦, ૩૦૮૨, ૩૨૨૦, ૩૫૦૩ | ૦૮ |
| ૪ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૬૨૭, ૧૬૩૫, ૨૩૭૭ | ૦૩ |
| ૫ | કાયદા વિભાગ | ૨૯૬૭ | ૦૧ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૩૮, ૬૪૩, ૭૬૯, ૧૦૯૮, ૨૩૩૬, ૨૩૫૧, ૩૧૭૯ | ૦૭ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૫૬, ૨૮૦૫ | ૦૨ |
| ૮ | માર્ગ અને મકાન વિભાગ | ૨૩૦૯ | ૦૧ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૧૮૬ | ૦૧ |
| ૧૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૧૮૪૮, ૧૯૬૨, ૨૦૩૭, ૨૦૮૪, ૨૩૭૨ | ૦૫ |
| ૧૧ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | ૨૧૨૧ | ૦૧ |
| ૧૨ | ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૬૪૧, ૬૫૮, ૧૬૪૦, ૧૭૫૫, ૨૦૦૭, ૨૨૫૬, ૨૨૬૯, ૨૩૧૫, ૨૩૩૦, ૨૩૮૧ | ૧૦ |
| | | **કુલ** | **૫૦** |

-----------

**સરકારી મુદ્રણાલય, વડોદરા.**

Pc-1-e-H-2034-Atrankit-Final Makeup